સુવિચાર : વિવિધતા એ જીવનનો ગરમ મસાલો છે જે આપણા જીવનને સ્વાદમય અને ખુશ્બોદાર બનાવે છે... - કાંતિ ભટ્ટ

તાપમાન
મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૫ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૫, શનિવાર ; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ભારત-રશિયા સાથે મળીને હેલિકોપ્ટર બનાવવા સંમત

મોસ્કો,તા. ૨૫

ભારત અને રશિયા સાથે મળીને હેલિકોપ્ટર બનાવવા માટે સહમત થયા છે. સાથે સાથે તેમની વચ્ચે ૧૬ સમજુતી પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ સમજુતીમાં ૨૨૬ લશ્કરી હેલિકોપ્ટરના સંયુક્ત નિર્માણ અને ૧૨ પરમાણુ રિયેક્ટર સ્થાપિત કરવાની બાબતનો સમાવેશ થાય છે. આમાં ભારતની સ્થાનિક કંપનીઓ પણ સામેલ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીઅને રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટિન વચ્ચે મોસ્કોમાં શિખર બેઠક યોજાઇ હતી. જેમાં વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધારે મજબુત કરવાનો મુદ્દો પણ છવાયો હતો. વાતચીત દરમિયાન ત્રાસવાદી સંગઠનો અને તેના આશ્રય આપનાર દેશોની સામે કઠોર પગલા લેવા મામલે પણ સહમતી થઇ હતી. ત્રાસવાદીઓ સામે એક સાથે મળીને લડવાની બાબત પર સહમતી થઇ હતી.

પાકિસ્તાનમાં અનેક ત્રાસવાદી સંગઠનો સક્રિય થયેલા છે. બન્ને નેતાઓ વચ્ચે વાતચીત થયા બાદ સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યુ હતુ. જેમાં ત્રાસવાદના મામલે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

# મોદીનો માસ્ટરસ્ટ્રોક : પાકિસ્તાન પહોંચ્યા



### પાકિસ્તાન પહોંચ્યા બાદ મોદીને ગળે લગાવી શરીફ દ્વારા સ્વાગત : વિશ્વમાં પણ નોંધ લેવાઈ

### એરપોર્ટ પર ગાર્ડ ઓફ ઓનર : શરીફના આવાસે પહોચ્યા અને વિસ્તૃત ચર્ચા પણ કરી

નવી દિલ્હી, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અચાનક જ પાકિસ્તાનની મુલાકાત લઈ સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું હતું. કટ્ટર દુશ્મન એવા પાડોશી દેશ પાકિસ્તાનની સરપ્રાઈઝ મુલાકાત લઈ તેઓએ પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી અને નવાઝ શરીફના પરિવારમાં યોજાઈ રહેલ લગ્નપ્રસંગના કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રધાનમંત્રી અચાનક જ પાકિસ્તાન પહોંચી જતાં સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચાયું હતું.

નરેન્દ્ર મોદીને એરપોર્ટ પર રિસીવ કરવા પહોંચેલા નવાઝ શરીફ અને નરેન્દ્ર મોદી એકબીજાને ગળે મળ્યા હતા. તેઓ બંને એક જ કારમાં નવાઝ શરીફના ઘરે પહોંચ્યા હતા. ૨૦૦૮માં મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા બાદ કાશ્મીર મુદ્દે ભારત-પાકિસ્તાનની બંધ થયેલી વાતચીતમાં આ મુલાકાતથી ગતિશીલતા આવશે તેવું મનાઈ રહ્યું છે. લગભગ દોઢ કલાક સુધી નરેન્દ્ર મોદી નવાઝ શરીફના ઘરે રોકાયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ સરપ્રાઈઝ વિઝિટથી ભારતીય મીડિયા અને પાકિસ્તાનનું મીડિયા એકાએક જ હરકતમાં આવી ગયું હતું.

પાકિસ્તાનની મુલાકાત લેનાર મોદી ભારતના ચોથા વડાપ્રધાન બન્યા છે. મોદીની આ પ્રથમ પાકિસ્તાની યાત્રા છે. મોદીએ પાકિસ્તાનની યાત્રા કરવા માટેની કોઈ યોજના તૈયાર કરી ન હતી. પરંતુ એકાએક યોજના બનાવી હતી. મોદીએ પાકિસ્તાનની જમીન પર પગ મુકતાની સાથે જ રાજકીય નિવેદનબાજીનો દોર શરુ થયો હતો. મોદી પાકિસ્તાનમાં કલાકો સુધી રોકાયા હતા. લાહૌર વિમાની મથકે પહોચ્યાં બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદી સાંજે ૪.૫૨ વાગ્યે લાહોર વિમાની મથકે પહોંચી ગયા હતા. મોદી ના સ્વાગત માટે ભારતીય હાઈકમિશનર ટીએસ રાઘવન પહોચ્યા હતા. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે દિલ્લીમાં ભાજપ પ્રવક્તાઓંની બૈઠક બોલાવી હતી. કાબુલથી લાહોર પહોચવામાં મોદીને

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂતો માટે નવા વર્ષે પાક વીમા યોજનાની સંભાવના

નવી દિલ્હી, તા.૨૫

સરકાર નવા વર્ષમાં ખેડુતોને નવી પાક વીમા યોજનાની ભેટ આપવા જઈ રહી છે. તેની જાહેરાત સંભવત જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં કરી દેવામાં આવશે. કૃષિપ્રધાન રાધામોહન સિંહે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નવી યોજનામાં ખેડુતોએ ઘણું ઓછું પ્રિમિયમ આપવું પડશે વીમા દાવાના નિકાલને પણ સરળ બનાવાશે જેથી ખેડુતોને જલદી પૈસા મળી શકે. કેબિનેટે ૨ ડિસેમ્બરે નવી યોજના પર વિચાર કર્યો હતો. પણ પ્રિમિયમ પર મતભેદને કારણે તેની પર નિર્ણય નહોતો થઈ શક્યો. કૃષિ મંત્રાલયના પ્રસ્તાવ પર કેબિનેટ જલદી વિચાર કરશે. કેન્દ્ર સરકારે ૧૯૮૫માં પાક વીમા યોજના શરુ કરી હતી. ખેતીની લગભગ ચાર કરોડ હેક્ટર જમીનમાંથી માત્ર ૨૦ ટકા વર્તમાન સ્કીમો હેઠળ ઈન્શ્યોર્ડ છે. રાજસ્થાનમાં સૌથી વધારે ૧૨૨.૬ લાખ હેક્ટર જમીનનો વીમો થયેલો છે. તે બાદ બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તરપ્રદેશ્ ને આંધ્રપ્રદેશ છે. પ્રિમિયમ ત્રણ ટકા કરતાં પણ ઓછું રહેશે, હાલ અમુક રાજયોમાં ૪૦ ટકા જેટલું પ્રિમિયમ છે. સરકારે ખેડુતો માટે બે મોબાઈલ ફોન એપ લોન્ચ કરી છે, જેની મદદથી ખેડુતોને પાક વીમો અને દેશભરનાં વિભિન્ન બજારોમાં કૃષિ પેદાશોની કિંમત સંબંધિત માહિતી મળશે. ધએગ્રેમાર્કેટ મોબાઈલ એપ અને ક્રોપ ઈન્સ્યોરન્સ મોબાઈલ એપને કૃષિ મંત્રાલયના આઈટી વિભાગે વિકસિત કરી છે અને તેને ગૂગલ સ્ટોર અને એમકિસાન પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

### વીમા દાવાના નિકાલને સરળ બનાવાશે : કૃષિ મંત્રાલયના આઈટી વિભાગ દ્વારા વિકસાવેલી ખેડુતો માટે બે મોબાઈલ એપ વિધિવત લોન્ચ કરવામાં આવી


કેન્દ્રીય કૃષિપ્રધાન રાધા મોહનસિંહે જણાવ્યું હતું કે, સરકાર ખેડુતો માટે પાક વીમા માટે જંગી ખર્ચ કરી રહી છે. પરંતુ વહીવટી અને ટેકનિકલ કારણોસર પાક વીમાને લગતી મોટા ભાગની માહિતી સમયસર ખેડુતો સુધી પહોંચતી નથી પરિણામે તેઓ સ્કીમનો મહત્તમ લાભ મેળવી શક્તા નથી.

## અભિનેત્રી સાધનાનું નિધન

### પરખ, હમ દોનો, મેરે મહેબુબ, વક્ત, આરજુ તેમજ વો કોન થી જેવી અનેક યાદગાર ફિલ્મો સાધનાએ કરી હતી

મુંબઈ,તા. ૨૫

બોલિવુડની વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રી સાધનાનુ આજે



અવસાન થતા લાખો ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. સાધનાએ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં જ ૭૪ વર્ષ પૂર્ણ કર્યા હતા. સાધનાને હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા હતા. સાધનાના લાખો ચાહકોએ દુખ વ્યક્ત કર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# અફઘાન સંસદને મોદીનુ ઐતિહાસિક સંબોધન

કાબુલ,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સુરક્ષા અને દ્વિપક્ષીય સહકારના મુદ્દા પર અફઘાનિસ્તાનના પ્રમુખ અશરફ ગની સાથે વાતચીત કરી હતી. મોદી આજે વહેલી પરોઢે મોસ્કોથી અહીં પહોંચ્યા બાદ તેમનુ લાલજાજમ બિછાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમનુ રાજકીયરીતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તેમનુ રાષ્ટ્રપતિ ભવનમાં પણ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદીનુ કાબુલ પહોંચ્યા બાદ અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મોહમ્મદ હનીફ અને નાયબ વિદેશ પ્રધાન હેકમત કરજાઇ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદીએ અઘાનિસ્તાનના અન્ય નેતાઓ સાથે પણ વાતચીત કરી હતી. મોદીએ વાતચીત દરમિયાન

### મોદીએ અફઘાનના પ્રમુખ સાથે વિસ્તૃત વાતચીત કરી : સુરક્ષા અને દ્વિપક્ષીય મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા કરાઈ

● અનુસંધાન પાન-૭ પર













